બેગ ચાર્મ્સનો ટ્રેન્ડ શા માટે છે લોકપ્રિય?



આજની ફેશન માત્ર કપડાં સુધી જ સીમિત નથી હોતી. નાની-નાની એક્સેસરીઝ પણ આખા લુકને સ્પેશિયલ બનાવી દે છે. એમાંથી એક છે બેગ ચાર્મ્સ. આ વ્યક્તિગત એક્સેસરીઝ આપણી બેગ સ્ટાઈલને નવું રૂપ આપી રહી છે. આ નાના ડેકોરેટિવ ચાર્મ્સ બેગના હેન્ડલ પર લગાડવામાં આવે છે અને સાધારણ બેગને પણ સ્ટાઈલિશ બનાવી દે છે. આ જ કારણે આજકાલ કોલેજથી માંડી ઓફિસ અને સોશ્યલ મીડિયા સુધી બેગ ચાર્મ્સનો ટ્રેન્ડ ઝડપથી પ્રસરી રહ્યો છે.

બેગ ચાર્મ્સ શું છે?

બેગ ચાર્મ્સ નાની નાની ડેકોરેટિવ એક્સેસરીઝ હોય છે જે બેગ પર લટકાવી શકાય છે. એ લેધર, મેટલ, મોતી, ફર, ફેબ્રિક, રિબન કે મીની ટોયના રૂપમાં મળે છે. કેટલાક પોતાનાં નામનાં ઈનિશિયલ, પસંદનાં કેરેક્ટર કે ટ્રાવેલ સાથે સંકળાયેલી નાની યાદગાર વસ્તુઓને પણ બેગ ચાર્મ તરીકે ઉપયોગ કરે છે. કોઈકને કાર્ટૂન કેરેક્ટર પસંદ હોય છે તો કોઈ મિનિમલ મેટલ ચાર્મ પસંદ કરે છે. ટ્રાવેલ પસંદ કરનાર નાનાં એરોપ્લેન કે કેમેરા ચાર્મ લગાડે છે. આ કારણે જ દરેક બેગ એક સરખી દેખાવાને બદલે અલગ ઓળખ બનાવી દે છે.

બદલતી ફેશનનો નવો ચહેરો

ફેશનની દુનિયામાં હવે નાની નાની ડીટેલ્સ સૌથી વધારે ધ્યાન ખેંચી રહી છે. બેગ ચાર્મ્સ ઓછા ખર્ચે સ્ટાઇલ વધારવાની સાથે સાથે તમારી પર્સનાલિટીને પણ અલગ ઓળખ આપે છે. જો તમે તમારા રોજિંદા લુકમાં થોડો નવો અને ટ્રેન્ડી બદલાવ ઇચ્છતાં હો તો એક ખૂબસૂરત બેગ ચાર્મ તમારી સ્ટાઈલને ખાસ બનાવી શકે છે.



સ્ટાઈલ કરતી વખતે ધ્યાન રાખો

» બેગ ચાર્મ્સ ત્યારે જ સારાં લાગે છે જ્યારે એનો ઉપયોગ સંતુલિત રીતે થાય.
» નાની બેગ પર વધારે ચાર્મ્સ ન લગાડો.
» બેગના કલર સાથે મેચ થતાં કે કોન્ટ્રાસ્ટ ચાર્મ્સ લગાવો
» વધારે પડતાં હેવી ચાર્મ્સ રોજિંદા ઉપયોગ માટે યોગ્ય નથી.
» જો ઓફિસ જતાં હો તો સિમ્પલ અને એલિગન્ટ ડિઝાઈન પસંદ કરો.
» પાર્ટી કે ટ્રાવેલ માટે રંગીન અને ફન ચાર્મ્સ બહેતર છે.





શા માટે ક્રેઝ વધી રહ્યો છે?

સોશિયલ મીડિયાએ આ ટ્રેન્ડને નવી ઓળખ આપી છે. ફેશન ઈન્ફ્લુએન્સર્સ અને સેલિબ્રિટીઝ પોતાની બેગ પર અલગ અલગ ચાર્મ્સ લગાડી એને પર્સનલ ટચ આપી રહ્યાં છે. ત્યાર બાદ સામાન્ય લોકોએ પણ આ ટ્રેન્ડ અપનાવવાનું શરૂ કર્યું.

કઈ બેગ પર સારાં લાગે છે?

બેગ ચાર્મ્સ લગભગ બધા પ્રકારની બેગ પર લગાડી શકાય છે. ટોટ બેગ, શોલ્ડર બેગ, ક્રોસબોડી બેગ, મીની બેગ, બેગ પેક અને ઓફિસ હેન્ડબેગ પર એ સુંદર લાગે છે. જો બેગનો રંગ લાઈટ હોય તો રંગબેરંગી ચાર્મ્સ એને આકર્ષક બનાવે છે. પ્રિન્ટેડ બેગ પર સિમ્પલ ચાર્મ્સ વધારે સારાં લાગે છે.

કેવાં બેગ ચાર્મ્સ ટ્રેન્ડમાં છે?

માર્કેટમાં ઘણા પ્રકારનાં બેગ ચાર્મ્સ મળે છે.
- મીની ટેડી અને સોફ્ટ ટોય ચાર્મ્સ
- લેધર ટેસલ
- ચેરી, સ્ટાર, હાર્ટ અને બૉ શેપ ચાર્મ્સ
- મોતી અને બીડ્સવાળા ચાર્મ્સ
- ઈનિશિયલ કે આલ્ફાબેટ ચાર્મ્સ
- કી રિંગ સ્ટાઈલ મલ્ટી ચાર્મ્સ



બેગ ચાર્મ્સ સ્ટાઈલ કરવાની રીત

મિનિમલિસ્ટ લોકો માટેઃ

તમારા ન્યુટ્રલ ટોનવાળા ટોટબેગમાં એક આકર્ષક મેટલ કે લેધર ટેગ લગાડી એને થોડી વધારે સ્ટાઇલિશ બનાવો.

મેક્સિમલિસ્ટ લોકો માટેઃ

એક મજેદાર અને અનોખો લુક મેળવવા અલગ અલગ આકાર અને સ્ટાઈલના ત્રણ કે વધારે ચાર્મ્સ એક સાથે લગાડો.



વિન્ટેજ પ્રેમી માટેઃ



એક જૂના જમાનાના આકર્ષણને એક પ્રિ-લવ્ડ લેધર ડિઝાઈન બેગ સાથે મિક્સ કરી સામંજસ્યપૂર્ણ નોસ્ટેલ્જિક લુક મેળવો.

ટ્રેન્ડ સેટર માટેઃ

કોન્ટ્રાસ્ટ જોડવા એક સ્ટેટમેન્ટ ચાર્મ્સનો ઉપયોગ કરો. દા.ત. એક ક્લાસિક બ્લેક બેગ પર બ્રાઈટ નિયોન પોપ.

ઇનિશિયલ અથવા રાશિ ચિહ્ન

નામનો પહેલો અક્ષર અને રાશિ ચિહ્નવાળા ચાર્મ્સ જેન Z અને મિલેનિયલ્સમાં ઘણા લોકપ્રિય છે. આ નાના નાના ટચ એક જ બેગને તમારા પોતાનો અનોખો અહેસાસ આપે છે.

